GJSN060002202026

સત્યમેવ જયતે

**આંક– ૧૪**

| | |
|---|---|
| કેસ પ્રાપ્તિ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| કેસ દાખલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| કેસ નિર્ણિત તારીખ | ૧૪/૦૭/૨૦૨૬ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અવધિ | ૦૦ | વર્ષ | ૦૪ | માસ | ૦૮ | દિવસ |

**મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ, મુ.મુળી**

**<u>ફોજદારી કેસ નં.૯૩/૨૦૨૬</u>**

**શ્રી સરકાર** **–ફરીયાદી.**

**વિરૂદ્ધ**

**રવીભાઇ ભરતભાઇ બાવળીયા**
ઉ.વ. હાલ ૨૨, ધર્મે: હિન્દુ, ધંધો: પ્રાઈવેટ નોકરી,
રહે.જશાપર ગામ, તા.મુળી, જિ. સુરેન્દ્રનગર **–આરોપી.**

**ગુનો ::–ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ –૬૬(૧)બી મુજબ.**

---

**ફરીયાદ પક્ષ તરફે ::– વિદ્વાન એ.પી.પી.શ્રી એચ.જી.ભાણાવત**
**આરોપી તરફે ::– વિદ્વાન વકીલ શ્રી એન.એ.ધ્રૃવ**

---

**–:: ચુકા દો ::–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગે.કા. પાસ પરમીટ વગર જાહેરમાં કેફી પીણુ પીધેલ હાલતમાં મળી આવી, ગુનો કર્યા મતલબની ફરીયાદ, ફરીયાદીએ મુળી પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે ગુના રજી. નં.૧૧૨૧૧૦૩૫૨૫૦૫૪૨/૨૦૨૫ થી ગુનો નોંધી તપાસ કરી, આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં ફાઇલ કરેલ છે.

(૨) ઉપરની હકીકત મુજબ ચાર્જશીટ આંક–૧ થી રજુ થતાં, ચાર્જશીટમાં દર્શાવ્યા મુજબ આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ–૨૩૩ મુજબ સમન્સ કરી, અદાલત સમક્ષ હાજર થવા જણાવતા, સદરહું સમન્સની બજવણી થતા આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ.

(૩) અદાલત સમક્ષ આરોપી હાજર થતા તેઓને બી.એન. એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલીસ ચાર્જશીટ સાથેના રજુ તમામ પોલીસ તપાસના કાગળોની નકલ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ આરોપી સામે ફરીયાદ પક્ષના કેસની વિગતો સાથે ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ–૬૬(૧)બી મુજબના ગુના સબબ, આંક–૩ થી આરોપીનું નિવેદન લેવામાં આવતા આરોપીએ ગુનાનો ઇન્કાર કરેલ. જેથી ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) સદરહું કામે ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે જણાવ્યા મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ કિશનભાઇ રાજુભાઇ પાટડીયાની જુબાની | ૦૪ |
| ૨ | પંચ સાહેદ દિગ્વીજયસિંહ હનુભા પરમારની જુબાની | ૦૬ |

| | | |
|---|---|---|
| ૩ | ફરીયાદી રવીરાજસિંહ ગીરીરાજસિંહ પરમારની જુબાની | ૦૭ |
| ૪ | સાહેદ ડો. નિસર્ગ પ્રકાશભાઇ એરવાડીયાની જુબાની | ૦૯ |
| ૫ | ત.ક.અ. રણજીતભાઇ પ્રેમજીભાઇ બાવળીયાની જુબાની | ૧૩ |

**દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | આરોપીની અટક અંગેનું પંચનામુ | ૦૫ |
| ૨ | ફરીયાદ | ૦૮ |
| ૩ | ફોર્મ–એ | ૧૦ |
| ૪ | ફોર્મ–બી | ૧૧ |
| ૫ | ફોર્મ–સી | ૧૨ |

(૬) સદરહું કામે ફરીયાદ પક્ષે બી.એન.એસ.એસ. ની કલમ–૨૬૫ મુજબ પોતાના કેસના સમર્થનમાં ઉપરોકત જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે. જેથી પડેલ પુરાવાના આધારે બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આરોપીએ, ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરી પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૭) ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી એચ.જી.ભાણાવત અને આરોપી તરફે વિ. વકીલ શ્રી એન.એ.ધ્રુવની દલીલો સાંભળી.

(૮) સદરહું દલીલો સાંભળતા આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પૂરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગે.કા. પાસ પરમીટ વગર જાહેરમાં કેફી પીણુ પીધેલ હાલતમાં મળી આવી, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દા અંગેના આ અદાલતના જવાબ તથા તેના કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમા.

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

**-:: <u>કા ર ણો</u> ::-**

**<u>મુદ્દા નં.૧ :</u>**

(૧૦) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરિયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઇ અપવાદોનો લાભ લેવા માગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ-૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માંહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૧૧) આ કામે ફરીયાદ પક્ષ તરફે પંચ સાહેદ કિશનભાઇ રાજુભાઇ પાટડીયા આંક-૦૪ થી તથા પંચ સાહેદ દિગ્વીજયસિંહ હનુભા પરમાર આંક-૦૬થી સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, તેમને પોલીસે કયાય બોલાવેલ હોય અને તેઓ પોલીસ સાથે કયાંય ગયેલ હોય તેવુ બનેલ નથી. તેમની હાજરીમાં કોઇ વ્યકિતને દારૂ પીધેલ હાલતમાં અટક કરેલ હોય અને તે અંગેનું પંચનામું કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવી પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવી પંચનામુ આંક-૦૫ થી રજુ કરેલ છે. આમ, પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થનકારી જુબાની આપતા

ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદર પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ હોવા છતાં સદરહું પંચ સાહેદો પંચનામાની વિગતને કોઇ સમર્થન આપેલ નથી. જયારે બચાવ પક્ષ તરફે સદર પંચ સાહેદોની ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદોએ સ્વીકારેલ છે કે, તેઓ રોડ ઉપર ઉભા હતા ત્યારે પોલીસ વાળાએ તૈયાર પંચનામા ઉપર તેમની સહી કરાવેલ. તેમની હાજરીમાં પોલીસે કોઇ વ્યકિતને અટક કરેલ હોય તેવું બનેલ નથી. પંચનામામાં સહી કર્યા સિવાયની કોઇ હકીકતની તેઓને ખબર નથી.

(૧૨) આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો આ કામે ફરીયાદ પક્ષ તરફે ફરીયાદી રવીરાજસિંહ ગીરીરાજસિંહ પરમાર આંક-૦૭ થી સોગંદ ઉપર પુરાવો આપી જણાવે છે કે, તારીખ ૩૦/૦૭/૨૦૨૫ ના રોજ મુળી પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ ઉપર હાજર હતા તે વખતે તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે વખતે મુળી પોલીસ સ્ટેશનના ગેટ પાસે રસ્તા પર એક ઇસમ લથડીયા ખાતો બકવાસ કરતો જોવા મળેલ જેની ખાત્રી કરતા મજકુર કેફી પીણુ પીધેલ હાલતમાં જણાઇ આવેલ જેથી સાથેના એ.એસ.આઇ. એ નજીકમાંથી બે રાહદારી પંચો બોલાવી પંચો રૂબરૂ મજકુર ઇસમનુ નામઠામ પુછતા પોતાનું નામ રવિભાઇ ભરતભાઇ બાવળીયા, રહે.જસાપર વાળો હોવાનું થોથરાતી જીભે જણાવેલ, મજકુરની પાસે જતા પુષ્કળ કેફી પીણુ પીધેલની વાસ આવતી હતી, આખો નશાથી લાલઘુમ જોવા મળેલ, તેમજ પોતાના શરીરનું સમતોલનપણું જાળવી શકતો ન હતો, મજકુર પાસે કેફી પીણુ પીવા માટે પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવેલ જેથી સાથેના એ.એસ.આઇ. એ પંચનામુ કરી લીધેલ જે બાબતેની ફરીયાદ તેમણે આપેલ, મને રેકર્ડમાંથી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં તેમની સહી છે જે ઓળખી બતાવી જે ફરીયાદ આંક-૦૮ થી રજુ રાખેલ છે. આરોપીને ઓળખે છે જે આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

જયારે બચાવ પક્ષ તરફે કરાયેલી ઉલટતપાસમાં ફરીયાદીએ સ્વીકારેલ છે કે, બનાવ વાળી જગ્યા એ જાહેર રસ્તો છે. આજુબાજુ માણસો રહે છે

તેમજ રસ્તા ઉપર માણસોની અવર–જવર હોય છે. તેમની ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી.

(૧૩) આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો સાહેદ ડો. નિસર્ગ પ્રકાશભાઈ એરવાડીયા આંક–૦૯ થી સોગંદ ઉપર પુરાવો આપી જણાવે છે કે, તેઓ તારીખ ૨૮/૧૨/૨૦૨૫ ના રોજ સાંજે ૭–૨૦ મીનીટે સી.એચ.સી. મુળી ખાતે તેમની ફરજ ઉપર હાજર હતા તે વખતે મુળી પોલીસ આર.જી.પરમાર પો.કોન્સ. બ.નં.૬૫૪ વાળા આરોપી રવીભાઈ ભરતભાઈ બાવળીયાને તેમની સમક્ષ પ્રોહીબીશન માટે સેમ્પલ લેવડાવવા તથા તપાસ કરાવવા લઈ આવેલ. ત્યારે આરોપીની તપાસ કરતા મુખમાં શ્વાસમાં આલ્કોહલની સુગંધ આવતી હતી, તેની બોલી સામાન્ય, ચાલ સામાન્ય તથા આંખની કીકી પહોળી જણાતી હતી. તેના ઓળખના નિશાનમાં મુખ પર જમણા કાનની આગળના ભાગે મોલ હતો. તેઓનુ સેમ્પલ લઈને 'ડી' ફોર્મ સાથે એફ.એસ.એલ. ગાંધીનગર તરફ તા.૨૯/૧૨/૨૦૨૫ ના રોજ મોકલી આપેલ તથા એફ.એસ.એલ. માંથી મળેલ રીપોર્ટ 'સી' ફોર્મ મા તેમના લોહીમાં ઈથાઈલ આલ્કોહોલનુ પ્રમાણ ૦.૦૬૪૪ ગ્રામ/પર્સનટેજ વેઈટ/વોલ્યુમ મળી આવેલ છે. જે દર્શાવે છે કે, આરોપીએ આલ્કોહોલનુ સેવન કરેલ હતુ. તેમને રેકર્ડમાંથી ફોર્મ 'એ' બતાવવામાં આવે છે, જેમાં તેમની સહી છે, જે ઓળખે છે જે આ કામે આંક–૧૦થી રજુ છે. તેઓ આજરોજ તેમની સાથે સદર કામેના ફોર્મ 'બી' અને 'સી' લાવેલ છુ, જે રજુ કરે છે જે આ કામે અનુક્રમે આંક–૧૧,૧૨ થી રજુ છે.

જયારે બચાવ પક્ષ તરફે કરાયેલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેમની સાથે હોસ્પીટલમાં જે ડયુટી ફાળવેલ હોય તે મુજબનો સ્ટાફ હોય. તેમને હાલ એ વાત યાદ નથી કે, આરોપીને તેમની પાસે તપાસણી માટે લાવવામાં આવેલ તે વખતે કેટલો સ્ટાફ હાજર હતો. તેમની રૂમ અલગ છે અને જે ઈમરજન્સી પેસેન્ટ આવે તેઓને પણ અલગથી લઈ જવામાં આવે છે. સદર આરોપીની તપાસ તેમની ચેમ્બરમાં નહી પરંતુ જે દર્દી તપાસણી રૂમ છે તેમાં કરવામાં આવેલ અને તે વખતે નર્સીંગ સ્ટાફ હાજર હતો. આરોપીનુ લોહી

ચોખ્ખી કરેલ વાયલમાં લેવામાં આવેલ. વાયલ એ અગાઉ ઇન્જેકશન સ્વરૂપે વપરાયેલ હોય છે. તેઓ હાલ એ કહી શકે નહી કે, સદર વાપરવામાં આવેલ વાયલમાં અગાઉ કેવા પ્રકારની દવા હતી. તેઓ એ વાત કહી શકે નહી કે, સદર વાપરવામાં આવેલ વાયલ કેટલા દીવસ અગાઉ વાપરવામાં આવેલ હતી અને ત્યારબાદ કેટલા દિવસે સાફ કરવામાં આવેલ હતી કે તેમણે વપરાશમાં લીધી તે પહેલા કયારે સાફ કરવામાં આવેલ હતી. જે વાયલમાં લોહી લેવામાં આવેલ તે અગાઉથી તેમના સ્ટોર રૂમમાં પડેલ હોય છે. સદર વાયલમાં લોહી લેવામાં આવેલ તે વખતે તે વાયલ તેમના દ્વારા સાફ કરવામાં આવેલ ન હતી તે અગાઉથી જ સાફ કરેલ પડેલ હતી. તે વાયલ ઉપર રબ્બરનુ બુચ ફીટ કરવામાં આવે છે. તે બુચ વપરાયેલ ઇન્જેકશન ઉપરથી કાઢી નાંખવામાં આવેલ બુચ હોય છે. જયારે કોઇ વ્યકિતને શરદી થયેલ હોય અને શરદીની કફસીરપ લીધેલ હોય ત્યારે તેવા વ્યકિતના શ્વાસમાં આલ્કોહોલ જેવી સુગંધ આવી શકે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તે આલ્કોહોલના પ્રમાણ ઉપર આધાર રાખે છે. આરોપીનુ લોહી લીધા બાદ તેમણે ફોર્મ 'એ' અને 'બી' ભરેલ હતા. ફોર્મ 'બી' તે ફોરવડીંગ લેટર છે.

(૧૪) આ કામે ફરીયાદ પક્ષ તરફે તપાસ કરનાર અમલદાર રણજીતભાઇ પ્રેમજીભાઇ બાવળીયા આંક–૧૩ થી સોગંદ ઉપર આવો પુરાવો આપે છે કે, તારીખ ૨૮/૧૨/૨૦૨૫ ના રોજ મુળી પોલીસ સ્ટેશનમાં પોલીસ તેમની ફરજ ઉપર હાજર હતા તે વખતે તેઓ તથા અન્ય પોલીસ કોન્સ્ટેબલ રવીરાજસિંહ ગીરીરાજસિંહ પરમાર મુળી ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે વખતે મુળી પોલીસ સ્ટેશનના ગેટ પાસે રસ્તા પર એક ઇસમ લથડીયા ખાતો બકવાસ કરતો જોવા મળેલ જેની ખાત્રી કરતા મજકુર કેફી પીણુ પીધેલ હાલતમાં જણાઇ આવેલ જેથી સાથેના તેઓએ નજીકમાંથી બે રાહદારી પંચો બોલાવી પંચો રૂબરૂ મજકુર ઇસમનુ નામઠામ પુછતા પોતાનું નામ રવિભાઇ ભરતભાઇ બાવળીયા, રહે.જસાપર વાળો હોવાનું થોથરાતી જીભે જણાવેલ, મજકુરની પાસે જતા પુષ્કળ કેફી પીણુ પીધેલની વાસ આવતી હતી, આંખો નશાથી લાલઘુમ જોવા મળેલ, તેમજ પોતાના શરીરનું

સમતોલનપણું જાળવી શકતો ન હતો, મજકુર પાસે કેફી પીણુ પીવા માટે પાસપરમીટ માંગતા નહી હોવાનું જણાવેલ જે અંગેનુ પંચનામુ તેઓએ કલાક ૧૭–૪૫ થી ૧૮–૧૫ સુધીનુ કરી લીધેલ. જે બાબતે સાથેના પોલીસ કોન્સ્ટેબલ આર.જી.પરમારે આપેલ. સદર કામે મજકુર આરોપીને અટક કર્યા અંગેની જાણ તેના સંબંધી હરપાલસિંહ કરણુભા પરમારને કરેલ, ત્યારબાદ રજીસ્ટરમાં નોંધ કરી તેનુ બ્લડ સેમ્પલ લેવડાવવા માટે કાર્યવાહી કરેલ. ત્યારબાદ આરોપીને પોલીસ સ્ટેશનેથી જામીન મુકત કરેલ. ત્યારબાદ સદર કામની તપાસ તેઓને સોંપતા તપાસ સંભાળી લઇ, લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લઇ, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને ઓળખે છે, જે આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

જયારે બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ પેટ્રોલીંગમા કેટલા વાગ્યે નીકળેલ તે હાલ તેમને યાદ નથી, બનાવ સ્થળે ૧૭–૪૫ કલાકે પહોચેલ. તેમને હાલ એ યાદ નથી કે, પેટ્રોલીંગમાં તેઓ સરકારી વાહનમાં કે ખાનગી વાહનમાં નીકળેલ. બનાવ વાળી જગ્યા એ જાહેર રસ્તો છે. આજુબાજુ માણસો રહે છે તેમજ રસ્તા ઉપર માણસોની અવર–જવર હોય છે. તેમને તપાસમાં મળેલ ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. બનાવ સ્થળ આજુબાજુના કોઇ તટસ્થ સાહેદના નિવેદન લેવામાં આવેલ નથી. મેડીકલ સર્ટી આવ્યા પહેલા ચાર્જશીટ કરેલ છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, ફોર્મ 'એ' રજુ રાખેલ છે તથા એફ.એસ.એલ. રીપોર્ટ આવવાની શરતે ચાર્જશીટ કરેલ છે.

(૧૫) આ તબકકે પુનરાર્વત સાથે એ હકીકત નોંધવી જરૂરી બને છે કે આરોપી સામે ધી પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનાનું તહોમત છે. તે સંજોગોમાં ફરીયાદ પક્ષે એ હકીકત શંકાથી પર પુરવાર કરવી પડે કે બનાવ સમયે આરોપી સામેની રજુ થયેલ ફરીયાદ મુજબ આરોપીએ જાહેર રોડ પર પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલ હાલતમાં મળી આવેલા. આ સંદર્ભેની કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લેવામાં આવે તો હાલના કીસ્સામાં બ્લડ ટેસ્ટ રૂલ્સ–૪ ની જોગવાઇ મેડીકલ ઓફીસરના અદાલત રૂબરૂના

પુરાવાની ચર્ચા કરતા પહેલા બ્લડ ટેસ્ટ રૂલ્સ–૪ની જોગવાઇ લક્ષમાં લેવી જરૂરી માનુ છું. આ જોગવાઇ નીચે મુજબ છે.

**૪. લોહી એકત્ર કરી મોકલવાની રીત:**

(૧૫.૧) " નિયમ ૩ પ્રમાણે પોતાની સમક્ષ રજૂ કરાયેલ વ્યકિતનું લોહી લેવા માટે ડોકટરે સીરીંજ વાપરવી એ હેતુ માટે વાપરતા પહેલા ડોકટરે તે સીરીંજને સ્ટરીલાઇઝ (જંતુમુકત) કરવા માટે ઉકળતા પાણીમાં મુકવી તે વ્યકિતના શરીરના જે ભાગમાંથી પોતે લોહી લેવા માંગતો હોચ તે ભાગની ચામડીને તેણે આલ્કોહોલ અથવા તેનુ દ્રાવણ જેમાં ન હોચ તેવા મરકયુરોફોમ અથવા જેનશિઅશન વાયોલેટના ૧ ટકા પાણીવાળા દ્રાવણથી સાફ કરવી તે વ્યકિતના શરીરમાંથી લોહી લેતી વખતે કોઇ પણ તબકકે આલ્કોહોલ અડકવું જોઇએ નહી, ડોકટરે તે વ્યકિતની નસમાંથી ૫ સી.સી.થી ઓછુ લોહી ખેંચવુ નહી, ત્યારબાદ તેવા લોહીને એ શીશીમાં ગઠ્ઠો ન થઇ જાચ અને લોહી સચવાઇ રહે તે માટેની દવા મુકેલી એક શીશીમાં રેડવું. લોહીમાં ગઠ્ઠો ન થઇ જાચ અને લોહી સચવાઇ રહે તેવી રીતે શીશીને સતત હલાવ્યા કરવી પછી તે શીશી ઉપર લેબલ લગાડવું અને લાખથી તેના ઢાંકણાને સીલ કરવું <u>ત્યારબાદ તેના ઉપર ઓફીસીયલ અથવા તો રજીસ્ટર મેડીકલ પ્રકટીશનરના મોનોગ્રામનું સીલ લગાડવું.</u>

**રૂલ–૪ સબ કલોઝ–૨ :**

(૧૫.૨) ઉપર પ્રમાણે નિયમ(૧) માં ઠરાવ્યા પ્રમાણે શીશીમાં લીધેલ નમુનાનું લોહી, ચકાસણી અધિકારી (ટેસ્ટીંગ ઓફીસર)ને ટપાલ મારફત અથવા ખાસ સંદેશાવાહન મારફત મોકલવું જોઇએ. જેથી ચકાસણી અધિકારીને તે લોહી લીધાના સાત દિવસમાં તે મળી જાચ. તેની સાથે ફોર્મ " ફોર્મ " માં એક પત્ર સામેલ રાખવો જોઇએ જેના ઉપર નમુનાના લોહીની શીશી ઉપર શીલ કરવા જે મોનોગ્રાફ કે સીલ વાપર્યુ હોચ તેની પ્રતિકૃતિ હોવી જોઇએ. "

(૧૫.૩) આમ, ઉપરોકત રૂલ–૪, સબ કલોઝ–૧ ની જોગવાઇ લક્ષમાં લેવામાં આવે તો કોઇપણ વ્યકિતના શરીરમાંથી લોહી લેવામાં કે કાઢવામાં આવે ત્યારે કોઇ પણ તબકકે આલ્કોહોલને સ્પર્શ થવો જોઇએ નહી તેવી જોગવાઇ કરવામાં આવી છે અને આ નિયમનો ભંગ કરી સ્પીરીટ લગાડીને કોઇ પણ વ્યકિતના શરીરમાંથી લોહી લેવામાં આવે તો તે લોહીના રિપોર્ટના આધારે તેવી વ્યકિતને ઇન્સાફી કાર્યવાહીમાં ગુનેગાર ઠરાવી શકાય નહી કારણ કે આ એક આદેશાત્મક જોગવાઇ છે.

(૧૫.૪) બોમ્બે બ્લડ ટેસ્ટ રૂલ–૪, સબ કલોઝની જોગવાઇ પણ આદેશાત્મક જોગવાઇ છે. તેનું વિવરણ એ રીતે કરી શકાય કે રૂલ–૪(૧) માં ઠરાવ્યા પ્રમાણે શીશમાં લીધેલ નમુનાનું લોહી ચકાસણી અધિકારી યાને કે ટેસ્ટીંગ ઓફીસરને ટપાલ મારફતે અગર ખાસ સંદેશાવાહક મારફતે મોકલવું જેથી પૃથ્થકરણ અર્થે ચકાસણી અધિકારીને તે લોહીનો નમુનો તે લોહી લીધાના દિવસથી સાત દિવસમાં તે મળી જાય તેનાથી ફોર્મ–બી માં એક પત્ર સામેલ રાખવો જોઇએ જેના ઉપર નમુનાના લોહીની શીશી ઉપર સીલ કરવા જે મોનોગ્રામ કે શીલ વાપરેલ હોય તેની પ્રતિકૃતિ હોવી જોઇએ, પરંતુ સાત દિવસમાં કાયદામાં જે દિવસે લોહી લેવામાં આવેલ હોય તે દિવસ ગણત્રીમાં લેવાય નહી અને નિયમ–૪ ની જોગવાઇ આદેશાત્મક છે તેવું નામદાર ગુજરાત વડી અદાલતે પણ વિવિધ ચુકાદાથી પ્રસ્થાપિત કરેલ છે.

(૧૬) હવે, મેડીકલ ઓફીસરના સમગ્ર પુરાવાને લક્ષમાં લેતાં, લોહી લેવા માટેનું ફીયાલ તેઓને સરકારશ્રી તરફથી પુરૂ પાડવામાં આવતું નથી તેમજ લોહી લેવા માટે બીજી દવાઓની જે ખાલી શીશી હોય છે તેને સાફ કરીને ઉપયોગ કરવામાં આવે છે તથા ફીયાલ તેમની લેબોરેટરીમાં નિભાવવામાં આવતો નથી. તેમજ લોહીનું સેમ્પલ લેવામાં વાપરવામાં આવતો એન્ટીકોગ્યુલેન્ટ તથા પ્રીઝરવેટીવનો કોઇ સ્ટોક નિભાવવામાં આવતો નથી. તેમજ નિયમિત રીતે સરકારશ્રી તરફ પુરો પાડવામાં આવતો નથી તેવુ જણાવેલ છે તેમજ રાસાયણિક દ્રવ્યો હોસ્પિટલમાંથી આપવામાં આવેલ છે તો તે બ્લડ ટેસ્ટ રૂલ્સ મુજબ સ્વચ્છ પ્રમાણમાં હોવા બાબતે પણ

મેડીકલ ઓફીસર દ્વારા કોઇ ખાત્રી કરવામાં આવેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આરોપીના લોહીનો નમુનો લીધા બાદ ફીયાલમાં નાખેલ અને લેબૉરેટરીમાં લોહીનું સેમ્પલ મોકલવામાં આવેલ ત્યાં સુધી કઇ પરિસ્થતિમાં અને કોના કબજામાં રહેલ તેવી પણ કોઇ જ હકીકત મેડીકલ ઓફીસરશ્રીની જુબાનીથી રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીના લોહી લેવાની જે કાર્યવાહી કરવામાં આવેલ છે તે બ્લડ ટેસ્ટ રૂલ્સની મેન્ડેટરી જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરી લેવામાં આવેલ હોય અને તેને પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવેલ હોય તે બાબતે સમગ્ર પુરાવો જોતા શંકા ઉપસ્થિત થાય છે તેમજ વળી ફોર્મ– બી. ની કાર્યવાહી જે વિગતો ફોર્મ– બી.માં જણાવેલ છે તેમાં ક્રમ નં.૧ થી ૭ આપવામાં આવેલ છે તેમાં તેઓએ કરેલ કાર્યવાહી અંગે ટીક માર્ક કરવી જોઇએ જે પણ ફોર્મ–બી. જોતા કરવામાં આવેલ હોય તેવુ જોઇ શકાતુ નથી. હાલના કામે પોલીસે જે કંઇ કાર્યવાહી કરી, તેને પંચ દ્વારા સમર્થન મળેલ નથી અનેઆરોપીના શરીરમાં બ્લડનું સેમ્પલ લેતી વખતે ડોકટરે નિયમ–૪ ની જોગવાઇઓનું સ્પષ્ટપણે પાલન કરેલ નથી અને ફીયાલ કે જેમાં આરોપીના શરીરમાંથી લોહી લેવામાં આવેલ અને ફોરેન્સીક લેબૉરેટરીને મોકલવામાં આવેલ તે ફીયાલ તેઓએ જાતે એન્ટીકોએગ્યુલન્ટ નાંખીને તૈયાર કરવામાં આવેલ છે પરંતુ એન્ટીકોએગ્યુલન્ટનું પ્રમાણ કેટલુ હતુ તે પણ જણાવેલુ નથી તેથી નિયમ–૪ કે જે આદેશાત્મક જોગવાઇ છે તેનું સ્પષ્ટ રીતે પાલન થયેલ હોવાનું જોઇ શકાતુ નથી ત્યારે આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી શિક્ષા કરી શકાય તે પ્રમાણેનો કેસ પુરવાર કરેલ હોવાનું કહી શકાય તેમ નથી. વધુમાં, ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવામાં આરોપી જાહેરમાં દારૂ પીધેલ હાલતમાં છાકટાઇથી વર્તન કરતા હોય તેવુ પણ પ્રસ્તુત કામે પુરાવામાં આવેલ નથી ત્યારે આરોપી સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે તેવું માનવામાં અને ઠરાવવામાં આવે છે. વધુમાં કલમ–૪(૨) ની જોગવાઇ જોવામાં આવે તો લોહીનો નમુનો લીધા બાદ સાત દિવસની અંદર તપાસણી અર્થે મોકલી આપવુ જોઇએ અને હાલના કામમાં **તા.૨૮/૧૨/૨૦૨૫** ના રોજ લોહી લઇ **તા.૨૯/૧૨/૨૦૨૫**ના રોજ મોકલી

આપેલ અને **તા.૩૧/૧૨/૨૦૨૫** ના રોજ સમય મર્યાદામાં મળી ગયેલ છે અને તેનું એનાલીસીસ **તા.૦૫/૦૧/૨૦૨૬** ના એટલે કે નમુનો લીધાના આઠમાં દિવસે કરેલ છે, પરંતુ મેડીકલ ઓફીસરે બ્લડ ટેસ્ટ રૂલ્સ મુજબની આદેશાત્મક જોગવાઇનું ચુસ્તપણે પાલન કરીને લોહીનો નમુનો લીધેલ હોય કે મોકલાવેલ હોય તેવું રેકર્ડ પરનો પુરાવો જોતા ફલિત થતું નથી અને સ્પષ્ટપણે આદેશાત્મક જોગવાઇનો ભંગ થયાનું જણાઇ આવે છે. મેડીકલ ઓફીસરનો પુરાવો જોતા ફોર્મ એ અને બી વંચાણે લેતાં મેડીકલ ઓફીસરે તેમના હોદ્ધાનું કોઇ સીલ મારેલ નથી. તેમજ સદર કામે આ કામના પંચો હોસ્ટાઇલ થયેલા હોય આ આરોપી જ પીધેલી હાલતમાં નીકળેલા તે બાબતે શંકા ઉપસ્થિત થાય છે. આ તબકકે કાયદાકીય પરિસ્થિતિ વંચાણે લેતાં **નામદાર ગુજરાત હાઇકોર્ટના ગુજરાત રાજય વિ. છગનભાઇ ૧૮૮૦ ક્રિમિનલ લો રિપોર્ટેડ (ગુજરાત પેજ નં.૨૩૬ માં)** પ્રતિપાદિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતા લોહી લેતી વખતે આલ્કોહોલ સીરીંજને કોઇ લોહી અડેલ નથી તેવું ડોકટરશ્રીએ તેઓની જુબાનીમાં જણાવવુ જોઇએ. જયારે હાલના કિસ્સામાં આવું સ્પષ્ટપણે જણાવેલ નથી. સબબ નિયમ-૪ નો ભંગ થયેલ જણાય છે. વધુમાં **નામદાર ગુજરાત હાઇકોર્ટે ૧૯૭૬ જી.એલ.આર. પેજ નં.૯૬ દેવીદાસ યશવંત વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના** ચુકાદામાં ડોકટરશ્રીએ લોહી લેતી વખતે દાખવી પડતી સાવચેતી તેઓની જુબાનીમાં જણાવવી જોઇએ. જે હાલના કિસ્સામાં ડોકટરશ્રી દ્ધારા જણાવેલ ન હોય આમ આરોપીનું બ્લડ સેમ્પલ લેતી વખતે તેને આલ્કોહોલનો સ્પર્શ થયેલ ન હોવાનું સ્પષ્ટપણે રેકર્ડ પરથી જણાઇ આવતુ ન હોય ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય છે.

(૧૭) આમ, આ કામે રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લઇ તેનું મુલ્યાંકન કરતા કોઇ સ્વતંત્ર કહી શકાય તેવા સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી અને સ્વતંત્ર કહી શકાય તેવા સાહેદ એટલે કે પંચ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી અને ફરીયાદ પક્ષ દ્ધારા તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જે હકીકત જોતા આ કામના આરોપીને બનાવના દિવસે ફરીયાદ મુજબનો ગુના સબબ

અટક કરવામાં આવેલ છે કે કેમ, તે હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. જયારે આ કામે આરોપીની તપાસણી કરનાર મેડીકલ ઓફીસર તેમની જુબાનીમાં આરોપીને ઓળખી બતાવેલ હોય તેવુ બનેલ નથી. જે સંજોગોમાં આ કામે જે લોહીનો નમુનો લેવામાં આવેલ છે તે હાલના આરોપીનો જ છે કે કેમ, અને ડોકટર સમક્ષ લઇ જવામાં આવેલ ઇસમ હાલના આરોપી જ છે કે કેમ, તે હકીકત ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર હોવા છતા આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી. આ કામના તમામ સાહેદો પોલીસ સાહેદ છે જેઓને રસ ધરાવતા કહી શકાય તેમ છે તેમજ આ કામે આરોપીના લોહીનો નમુનો લીધાથી તેનું પરિક્ષણ એટલે કે એનાલીસીસ સુધીની કામગીરીમાં કાયદા દ્ધારા પ્રસ્થાપિત કરવામાં આવેલ આદેશાત્મક જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવેલ નથી. તેનો લાભ પણ આરોપીનો આપવો જરૂરી જણાય છે. આમ, ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતાં ફરીયાદ પક્ષે સદર કામે આરોપીને પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઇ શંકા રહિતનો પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૧૮) ફરીયાદ જોતા આરોપી ઉપર શંકા ઉદભવે છે પરંતુ, શંકા કાનુની પુરાવાનું સ્થાન લઇ શકે નહી. વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતો પ્રમાણે પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરૂદ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. તથા પ્રોસીકયુશને કેસમાં રહેલ વાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ ઉપરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઇ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે એવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરૂદ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરીયાદપક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમા આપવાનો હોય છે. વધુમાં

ફોજદારી ન્યાયશાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિદ્ધાંત છે કે, સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઇ નિર્દોષ માર્યો જવો જોઇએ નહી. આ કામે ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે તથા રેકર્ડ પરના પુરાવાઓ જોતા આરોપીઓ ઉપર શંકા ઉદભવે છે, પરંતુ શંકા કાનૂની પુરાવાનું સ્થાન લઇ શકે નહી આ અંગે નામદાર સુપ્રીમ કોર્ટમાં ઠરાવેલ છે કે, **THE SUPREME COURT OF INDIA CRIMINAL APPEAL NO. 2438 OF 2010 Bijender @ Mandar VERSUS State of Haryana DATED : 08.11. 2021**

**17.** Incontrovertibly, where the prosecution fails to inspire confidence in the manner and/or contents of the recovery with regard to its nexus to the alleged offence, the Court ought to stretch the benefit of doubt to the accused. Its nearly three centuries old cardinal principle of criminal jurisprudence that *"**it is better that ten guilty persons escape, than that one innocent suffer**".* The doctrine of extending benefit of doubt to an accused, notwithstanding the proof of strong suspicion, holds its fort on the premise that "**the acquittal of a guilty person constitutes a miscarriage of justice just as much as the conviction of the innocent**".

વધુમાં ફોજદારી જયુરસ્પુન્ડન્સનો નિયમ છે કે, આરોપીને મળતી શંકાનો તમામ લાભ આપવો જોઇએ જે અંગે નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે, **THE SUPREME COURT OF INDIA CRIMINAL APPEAL NO.434436 OF 2020 JAIKAM KHAN VERSUS THE STATE OF UTTAR PRADESH DT- DECEMBER 15, 2021**

**75.** At this stage, we would like to remind ourselves as well as all the Courts in the country the golden principle to be followed in criminal jurisprudence. This Court, speaking through legendry H.R. Khanna, J., in the case of ***The State of Punjab v. Jagir Singh, Baljit Singh and Karam Singh7*** observed thus:

“23. A criminal trial is not like a fairy tale wherein one is free to give flight to one's imagination and phantasy. It concerns itself with the question as to whether the accused arraigned at the trial is guilty of the crime with which he is charged. Crime is an event in real life and is the product of interplay of different human emotions. In arriving at the conclusion about the guilt of the accused charged with the commission of a crime, the court has to judge the evidence by the yardstick of probabilities, its intrinsic worth and the animus of witnesses. Every case in the final analysis would have to depend upon its own facts. Although the benefit of every reasonable doubt should be given to the accused, the courts should not at the same time reject evidence which is ex facie trustworthy on grounds which are fanciful or in the nature of conjectures.”

આમ, ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમ ઠરાવી મુદ્દા નં.૧ નો નિર્ણય તે રીતે નકારમાં આપી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

(૧) આ કામના આરોપી **રવીભાઈ ભરતભાઈ બાવળીયા,** ઉ.વ. હાલ ૨૨, ધર્મે: હિન્દુ, ધંધો: પ્રાઈવેટ નોકરી, રહે.જશાપર ગામ, તા.મુળી, જિ. સુરેન્દ્રનગર નાઓને બી. એન. એસ. એસ.ની કલમ–૨૭૮ મુજબ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનાના આરોપમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના જામીન તથા જાતમુચરકા બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ ૬(છ) માસ સુધી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૪મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : મુળી
તારીખ : ૧૪/૦૭/૨૦૨૬

**(કૌશિક નરોતમભાઈ નિમાવત)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
મુળી. (કોડ નં. જીજે–૦૧૫૭૬)